# ઈડર વિધાનસભા બેઠકમાં રમણલાલ વોરાએ ૪૦,૦૦૦થી વધુ મતની લીડથી જીતી

## જિલ્લાની ૫ બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાયો, કોંગ્રેસ-અપક્ષને ૧-૧ બેઠક, અરવલ્લી જિલ્લો કોંગ્રેસ મુક્ત બન્યો








બાયડ, તા.૦૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ બેઠકો માટે મતદાન યોજાયા પછી ગુરૂવારે મત ગણતરી યોજાતાં ઈડર બેઠકના ભાજપના ઉમેદવાર રમણલાલ વોરા ૩૯,૪૪૦ મતની લીડથી જીત મેળવી જિલ્લાના ચૂંટણી જંગમાં નવો ઈતિહાસ રચ્યો છે. ઈડર બેઠક ઉપર ભાજપને ૫૫.૧૬ ટકા જ્યારે કોંગ્રેસને માત્ર ૩૬ ટકા અને આમઆદમી પાર્ટીને માત્ર ૭ ટકા મત મળ્યાનું જાણવા મળ્યું છે. એ સાથે જ ઈડર બેઠક ઉપર વર્ષ-૧૯૯૫ થી સતત જીત મેળવવાનો સિલસિલો જાળવી રાખ્યો છે. જિલ્લાની ૭ પૈકી ૫ બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે. જ્યારે કોંગ્રેસ અને અપક્ષને ૧-૧ બેઠકથી સંતોષ માનવો પડયો છે.

મળતી વિગતો અનુસાર સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ અને અરવલ્લી જિલ્લાની મોડાસા, ભિલોડા અને બાયડ વિધાનસભા બેઠક ઉપર તા.૫ ડિસેમ્બરે મતદાન યોજાતાં મતદારોએ ઉત્સાહભેર મતદાન કરી ઉત્તર ગુજરાતમાં જાગૃતતા દાખવી હતી. મતદાન પુરૂ થયા પછી મતદાનની ટકાવારીના આધારે ભાજપ, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીએ પોતાની જીતનાં ગણિત માંડ્યાં હતાં જેથી ૭ પૈકી હિંમતનગર, ખેડબ્રહ્મા, ભિલોડા, મોડાસા અને બાયડ બેઠકમાં ભરેલા નાળીયેર જેવી સ્થિતિ જોવા મળી હતી. ગુરૂવારે સવારે મત ગણતરી શરૂ થઈ એ સાથે જ ઈડર, પ્રાંતિજ અને મોડાસા બેઠક ઉપર ભાજપના ઉમેદવારોની સતત લીડ વધતી હતી. જ્યારે બાયડ, ભિલોડા, હિંમતનગર અને ખેડબ્રહ્મા બેઠક ઉપર કશ્મકશની સ્થિતિ જોવા મળી હતી. ઈડર બેઠકમાં ભાજપના રમણલાલ વોરાએ પ્રથમ રાઉન્ડથી કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોને પાછળ છોડી સતત પોતાની લીડમાં વધારો કરતા રહ્યા હતા તેમની પ્રચંડ બહુમતીવાળી જીતથી વિરોધીઓનાં મોંઢાં સીવાઈ ગયા છે અને ફરી એકવાર ઈડર વિધાનસભા મતક્ષેત્રના મતદારોએ રમણલાલ વોરાના વિકાસ કાર્યો ઉપર મંજૂરીની મહોર માર્યાનું જાણવા મળ્યું છે. ઈડર વિધાનસભાના ઈતિહાસમાં ઐતિહાસિક જીતની સાથે તેઓએ તમામ ૭ બેઠકોમાં સૌથી વધુ લીડ સાથે જીતવાનો ઈતિહાસ રચ્યો છે. જ્યારે પ્રાંતિજ બેઠકમાં અપેક્ષા મુજબ ભાજપના ઉમેદવાર ગજેન્દ્રસિંહ પરમારનો વિજય થયો હતો. જ્યારે હિંમતનગરની હાઈપ્રોફાઈલ બનેલી બેઠકમાં ભાજપના વી.ડી.ઝાલાનો વિજય થતાં કાર્યકરોમાં ખુશાલી જોવા મળી હતી. જ્યારે મોડાસા બેઠક ૨ ટર્મ પછી કોંગ્રેસે ગુમાવી છે અને ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમારે ઐતિહાસિક જીત મેળવી છે. ભિલોડા બેઠકમાં આમઆદમી પાર્ટીના ઉમેદવારે ભાજપના ઉમેદવારને છેલ્લે સુધી ટક્કર આપી હતી પરંતુ પાછલા ૪ રાઉન્ડમાં ભાજપના ઉમેદવાર પી.સી.બરંડાની સરસાઈ વધી હતી અને દાયકાઓ પછી ભાજપ કોંગ્રેસ પાસેથી ભિલોડા બેઠક છીનવી લેવામાં સફળ રહ્યું છે. જ્યારે બાયડ વિધાનસભા બેઠકમાં અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલાએ ભાજપના ઉમેદવારને છેલ્લે સુધી ટક્કર આપ્યા પછી જવલંત વિજય મેળવ્યો છે. આમ જિલ્લાની ૭ પૈકી ૫ બેઠકો ઉપર ભાજપનો અને ૧ અપક્ષ અને ૧ કોંગ્રેસનો વિજય થતાં ગત ચૂંટણી કરતાં આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને ૩ બેઠકોનું નુકસાન થયાનું જાણવા મળ્યું છે.

### ઈડર બેઠકમાં ભાજપનો પ્રચંડ વિજય, જનતા જનાર્દન અને મતદારોના ભરોસાનો વિજય – રમણલાલ વોરા

ઈડર બેઠકના ભાજપના ઉમેદવાર રમણલાલ વોરા સામે વિરોધીઓએ અનેક પ્રકારના અપપ્રચાર કર્યા હતા. પરંતુ શાણા મતદારોએ વિકાસની રાજનીતિ કરતા રમણલાલ વોરાને પોતાના માનિતા નેતા તરીકે ફરી એકવાર પ્રચંડ જનમત આપી વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરવા માટે વિજયી બનાવ્યો છે. ઈડર બેઠકમાં ભાજપના ઉમેદવારનો ૪૫,૦૦૦થી પણ વધુ મતથી પ્રચંડ વિજય થતાં વિરોધીઓની બોલતી બંધ થઈ ગઈ છે. વિજયી બનેલા રમણલાલ વોરાએ જણાવ્યું કે આ વિજય એ જનતા જનાર્દન અને મતદારોના ભરોસાનો વિજય છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે ગુજરાતમાં જે રીતે વિકાસના કામોની હારમાળા રચી છે અને ઈડર વિધાનસભા મતક્ષેત્રને પણ સર્વાંગી વિકાસથી મઢ્યો છે ત્યારે ભાજપ ઉપર ફરી એકવાર મારા મત વિસ્તારના મતદારોએ સંપૂર્ણ ભરોસો મૂક્યો છે. આગામી સમયમાં ઈડર વિધાનસભા મતક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ હોવાનું પણ તેઓએ જણાવ્યું છે.

### ઈડર વિધાનસભા મતક્ષેત્રમાં મળેલ મત ઉપર નજર

| ઉમેદવાર | રાજકીય પક્ષ | મળેલ મત |
|---|---|---|
| રમણલાલ વોરા | ભાજપ | ૧,૧૩,૧૩૭ |
| રામાભાઈ સોલંકી | કોંગ્રેસ | ૭૪,૪૮૧ |
| જ્યંતિભાઈ પ્રણામી | આમઆદમી પાર્ટી | ૧૪,૫૬૮ |
| નોટા | એકપણ પક્ષ નહીં | ૩૫૬૮ |

### ખેડબ્રહ્મામાં ભાજપના ઉમેદવારે રી-કાઉન્ટીંગ માગ્યું, પરિણામમાં વિલંબ

ખેડબ્રહ્મા વિધાનસભા બેઠકમાં ભાજપ-કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી વચ્ચે જંગ જોવા મળ્યો. જેમાં કોંગ્રેસના ઉમેદવાર ૨૪૦૦ મતથી આગળ હોવાથી ભાજપના ઉમેદવાર અશ્વિનભાઈ કોટવાલે રી-કાઉન્ટીંગ માગતાં પરિણામ જાહેર થવામાં વિલંબ થશે તેવું જાણવા મળ્યું છે. જ્યારે આમઆદમી પાર્ટીએ ભાજપ અને કોંગ્રેસ માટે મુશ્કેલી સર્જી હોય તેવું મેળવેલ મત ઉપરથી જાણવા મળ્યું છે.



તલોદ તાલુકાના વતની એવા સાબરકાંઠા ની બંને બેઠકો પર વિજયી બન્યા તલોદ તા ૮ આગામી વિધાનસભા ની બીજા તબક્કા ની યોજાયેલ ચૂંટણીમાં તલોદ તાલુકાના બંને ઉમેદવારો વિજયી બનતા ભાજપના નેતાઓ અને કાર્યકરો માં ખુશી ની લહેર ફેલાઈ ગઈ છે આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના ચાર બેઠક પૈકી પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે વર્તમાન ધારાસભ્ય અને ગુજરાત સરકાર ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર વિજયી નિવડ્યા હતા.

# પાલનપુર વિધાનસભામાં ભાજપનો કેસરિયો જનતા જનાર્દને લહેરાવ્યો

## દસ વર્ષ બાદ પાલનપુરમાં ભાજપે કોંગ્રેસ પાસેથી બેઠક છીનવી : વિકાસના માર્ગે પાલનપુરને જેટ ગતિએ આગળ વધારાશે - અનિકેત ઠાકર

પાલનપુર, તા.૮

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૨ માં આજે બનાસકાંઠા જિલ્લાની મતગણતરી નવ વિધાનસભાઓની જગાણા પોલિટેકનિક કોલેજ ખાતે સવારથી હાથ ધરવામાં આવી હતી.

બનાસકાંઠા જિલ્લામાં મથક પાલનપુર વિધાનસભાની સીટ ઉપર ૧૦ વર્ષ બાદ જનતા જનાર્દાને ભાજપનો કેસરિયો લહેરાયો છે. કોંગ્રેસ પાસેથી આ બેઠક છીનવી લઈ જનતા જનાર્દને ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરને ૨૭,૬૮૨ મતોની લીડ થી વિજય બનાવ્યા છે.આ અંગે વધુ આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર વિધાનસભામાં સટ્ટા બજાર આઈબી અને જ્ઞાતિવાદી સમીકરણોને ભારે પછડાટ આપી ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરને ભવ્યાતિભવ્ય વિજય અપાવી પાલનપુરનું કમળ ગાંધીનગર સુધી પહોંચાડ્યું છે.






સવારથી જ મત ગણતરીના પહેલા રાઉન્ડથી જ પાલનપુર વિધાનસભા સીટ ઉપર ભાજપના ઉમેદવાર અનિકેટ ઠાકર આગળ ચાલી રહ્યા હતા બપોરે અઢી વાગે આસપાસ તમામ મત ગણતરીના ૨૦ રાઉન્ડ પૂરા થતા પાલનપુર વિધાનસભામાંથી ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરને ચૂંટણી તંત્રના અધિકારીઓએ વિજય ઘોષિત કર્યા હતા.

અનિકેત ઠાકરે પાલનપુર નો વિકાસ જે ૧૦ વર્ષથી અટકી પડ્યો હતો તેને જેટ ગતિ આગળ વધારવા જનતા જનાર્દનને ખાતરી આપી હતી. સૌ વિધાનસભા મતદારોનો હૃદય પૂર્વક આભાર માની વિકાસ પુરુષ લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માનનીય અમિતભાઈ શાહ પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જિલ્લા ભાજપ તાલુકા ભાજપ સંગઠન શહેર ભાજપ સંગઠન અને સૌ કાર્યકર્તા મિત્રો પાલનપુરના સૌ વહાલા મતદારો ભાઈઓ બહેનો નો હૃદય પૂર્વક આભાર માની ગદગદિત બન્યા હતા.

ભાજપના પાલનપુર વિધાનસભાના વિજેતા ઉમેદવાર અનિકે ઠાકર નું ભવ્ય વિજય શોભાયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર બપોરે પરિભ્રમણ કર્યું હતું. મતદારોનું અભિવાદન ઝીલતા હતા. ભારત માતાકી જય ના સૂત્રોચાર ભાજપના ચૂંટણી પ્રચાર ગીતો દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ કેસરિયો બન્યો હતો.

### કહીં ખુશી કહીં ગમના દ્રશ્યો સર્જાયા

# ભિલોડા-મેઘરજ બેઠક પર ઘણા વર્ષો બાદ ભાજપનો ભગવો લહેરાયો

## પી.સી.બરંડાની ઐતિહાસિક રીતે ભવ્યાતિભવ્ય જીત : ભાજપની લીડ : ૨૮,૭૬૮ : ત્રિ-પાંખીયા જંગ વચ્ચે કોંગ્રેસનો ગઢ તુંટ્યો

ભિલોડા,તા.૦૮

સાબરકાંઠા - અરવલ્લી જીલ્લામાં ૭ વિધાન સભાની બેઠકો પર ચુંટણી લડતા ઉમેદવારોના ભાવિનો આજે મતગણતરી બાદ ફેંસલો થયો છે.ચુંટણીમાં કોણ જીતશે,કોણ હારશે ને લઈ મતદારો અને કાર્યકરોમાં ભારે ઉત્તેજનાનો માહોલ હતો.પરીણામ જાહેર થયા બાદ મતદારોએ હાશકારો અનુભવ્યો હતો.હિંમતનગર અને મોડાસા જીલ્લા મથક ખાતે લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે વહીવટીતંત્રના અધિકારીઓ ધ્વારા મત ગણતરી હાથ ધરાઈ હતી.ભિલોડા બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે. ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં બે પક્ષો વચ્ચે કાંટે કી ટક્કર રહેતી પરંતુ અત્રે ઉલ્લેખનિય છે કે,ત્રીજા પક્ષ તરીકે આપની મજબુત એન્ટ્રી જોવા મળી છે. ગુજરાત વિધાન સભાની ચુંટણીની મત ગણતરી અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે યોજાઈ હતી.ભિલોડા - મેઘરજ બેઠક પર વર્ષો બાદ ભાજપનો ભગવો લહેરાયો છે.ભિલોડામાં મઉં ચાર રસ્તા પર ભાજપના હોદ્દેદારો, કાર્યકરોએ અકત્રિત થઈને ફટાકડાની આતશબાજી કરીને મિઠાઈની વહેંચણી કરી હતી.ભિલોડા અને મેઘરજ તાલુકામાં ભાજપના કાર્યકરોમાં અત્ર - તત્ર - સર્વત્ર ખુશીની લહેર પ્રસરી છે.જીતનો જશ્ન પ્રજાજનોએ મનાવ્યો હતો. ગત ટર્મમાં વર્ષ - ૨૦૧૭માં હારેલા ભાજપના ઉમેદવાર અને પૂર્વ આઈ.પી.એસ અધિકારી,પી.સી.બરંડા ને ભાજપે પુનઃ રિપીટ કરતા ભાજપનો ભગવો લહેરાયો છે.ત્રિ-પાંખીયા જંગમાં ભાજપનો વિજય થયો છે.કાર્યકરોમાં સાર્વત્રિક રીતે આનંદની લાગણી છવાઈ છે.



| | |
|---|---|
| ભાજપ : પી.સી.બરંડા ને મળેલ મત | ૯૦,૩૯૬ |
| આપ : રૂપસિંહભાઈ ભગોરા ને મળેલ મત | ૬૧,૬૨૮ |
| કોંગ્રેસ : રાજેન્દ્રભાઈ પારઘી ને મળેલ મત | ૪૨,૮૩૧ |

### ગુજરાતમાં પુનરાવર્તન...અરવલ્લીમાં પરિવર્તન

# કોંગ્રેસના સૂપડા સાફ મોડાસા, ભિલોડામાં ભાજપ અને બાયડમાં અપક્ષનો ભવ્ય વિજય

## મોડાસા-ધનસુરામાં ભીખુસિંહ પરમારનો વિજયોત્સવ રેલી યોજી : બાયડ-માલપુરમાં ધવલસિંહ ઝાલાની ભવ્યતાભવ્ય વિજય રેલી :ભિલોડાના પી.સી.બરંડાના સમર્થકો ડી.જે.ના તાલે સરઘસમાં ઝૂમી ઉઠ્યા, ભિલોડા બેઠક પર ૫ ટર્મનો ભાજપના વનવાસનો અંતઃ બાયડમાં અપક્ષનો દબદબો

મોડાસા, તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. ભાજપે આ વખતે કોંગ્રેસના મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી નાંખ્યો છે.અરવલ્લી જીલ્લાની ત્રણે બેઠકો પર બે ટર્મથી કોંગ્રેસનો દબદબો યથાવત રહ્યો હતો ૨૦૨૨ વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ત્રણે ઉમેદવારનો કારમો પરાજય થયો છે ભાજપે મોડાસા, ભિલોડા બેઠક પર કોંગ્રેસના સૂપડા સાફ કરી કરી દીધા છે બીજીબાજુ હાઈ પ્રોફાઈલ બાયડ બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલાએ ધૂળ ચાટતા કરી દીધા હતા ત્રણે વિજેતા ઉમેદવારોએ ડી.જેના તાલે ભવ્ય વિજય સરઘસ કાઢ્યું હતું





બે ટર્મથી કોંગ્રેસનો ગઢ રહેલી અરવલ્લી જીલ્લાની ત્રણે બેઠકો કબ્જે કરવા રણનીતી બનાવી હતી ત્રણે બેઠકો પર કેસરિયો લહેરાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ મંત્રી અમિત શાહ, યુપીના મુખ્યમંત્રી યોગી, સાંસદ રવી કિશનએ સભા સંબોધવાની સાથે મંત્રી સ્મૃતિ ઈરાનીએ બાઈક રેલી યોજી હતી કોંગ્રેસે ત્રણે બેઠકો પર પુનરાવર્તન કરવા એડી ચોટીનું જોર લગાવ્યું હતું બીજીબાજુ ભાજપે ત્રણે બેઠકો કબ્જે કરવા માટે માઈક્રો પ્લાનિંગ કરી કાર્યકર્તાઓની ફોજ ઉતારી દીધી હતી આખરે ભાજપ કોંગ્રેસની બે બેઠકો પર કમળ ખીલવવામાં સફળ રહ્યું હતું બાયડ બેઠક પર મોદી મેજીક અને હિન્દુત્વનો મુદ્દા પર અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલા ભારે પડ્યા હતા મોડાસા એન્જીનીયરીંગ કોલેજ ખાતે યોજાયેલ મત ગણતરી કેન્દ્ર નજીક રાજકીય પક્ષ અને અપક્ષ ઉમેદવારના હજ્જારો ટેકેદારો ઉમટ્યા હતા.

મોડાસા બેઠક પર બે ટર્મથી અજય રહેલા કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને ગત ચૂંટણીમાં હારનો સામનો કરનાર ભાજપના ભીખુસિંહ પરમાર વચ્ચે કાંટે કી ટક્કર માનવામાં આવતી હતી પરંતુ પરિણામના દિવસે પ્રારંભથી ભીખુસિંહ પરમાર લીડ મેળવી અંત સુધી જાળવી રાખી અંદાજે ૨૫ હજારથી વધુ મત મેળવી કેસરિયો લહેરાવ્યો હતો આમ આદમી પાર્ટીને લોકોએ જાકારો આપ્યો હતો

હાઈ પ્રોફાઈલ બાયડ વિધાનસભા બેઠક પર ભાજપના ટિકિટના પ્રબળ દાવેદાર પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની ટિકિટ કાપી પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર તો કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાને ટિકિટ આપી હતી ભાજપે ટિકિટ કાપતા ધવલસિંહ ઝાલાએ બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી આમ આદમી પાર્ટીએ પાટીદાર ચિનુ કાકાને ટિકિટ આપી હતી બાયડ બેઠક પર ધવલસિંહ ઝાલાએ ચૂંટણી જંગમાં જંપલાવતાં ચૂંટણી જંગ ભારે રસપ્રદ બન્યો હતો બાયડ બેઠક પર અપક્ષ ઉમેદવાર ધવલસિંહ ઝાલા અને ભાજપના ઉમેદવાર ભીખીબેન પરમાર વચ્ચે ઉપર ચઢાવ જોવા મળતા બંને ઉમેદવારોના ટેકેદારોના શ્વાસ સતત અધ્ધર થયા હતા અંતે ધવલસિંહ ઝાલાનો ૬ હજાર જેટલા મતથી વિજેતા જાહેર થયા હતા

અરવલ્લીની ભિલોડા બેઠક પર પૂર્વ આઈપીએસ પી.સી બરંડાની ભવ્ય જીત થી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસના ગઢમાં ગાબડું પડ્યું છે. પી.સી બરંડા ૧૫ હજાર કરતા વધુ મતે વિજયી થયો છે. વર્ષો પછી ભિલોડા બેઠક પર ભાજપનો ભગવો લહેરાતા કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.ભિલોડા બેઠક પર આમ આદમી પાર્ટીએ શરૂઆતની મત ગણતરીમાં ૧૦ રાઉન્ડ સુધી આગળ રહેતા ભાજપ ટેન્સનમાં આવી ગયું હતું આખરે ભાજપે ભવ્ય જીત પ્રાપ્ત કરી હતી કોંગ્રેસનો ગઢ ગણાતી બેઠક પર કોંગ્રેસનો દેખાવ નિરાશાજનક રહેતા ત્રીજા સ્થાને રહી હતી.